# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC "B" (2.21) State University

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

પરિપત્ર ક્રમાંક : ૨૮-૮ /૨૦૨૬

વિષય : ઉદયમ કોજન્ટ પોર્ટલ મારફતે રાજ્ય સરકારશ્રીના ચાલુ જોડાણ અંગેના જાહેરનામાની ઓનલાઇન દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ : ૧. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૮/૦૧/૨૦૨૫ નો પરિપત્ર જા.નં.ISC-7/જોડાણ/૨૦૨૫/૪૦-૭૪

૨. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૫/૨૦૨૫, તા.૦૧/૦૨/૨૦૨૫

૩. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૧૯૦/૨૦૨૫, તા.૨૬/૦૮/૨૦૨૫

૪. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૦૦/૨૦૨૫, તા.૦૯/૦૯/૨૦૨૫

૫. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૫૩/૨૦૨૫, તા.૨૪/૧૧/૨૦૨૫

૬. અત્રેના પરિપત્ર ક્રમાંક : ૨૭૫/૨૦૨૫, તા.૧૭/૧૨/૨૦૨૫

આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ સંસ્થાઓના વડાશ્રીઓ/ડીનશ્રીને જણાવવાનું કે, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના સંદર્ભદર્શિત પત્ર અનુસાર આ યુનિવર્સિટી સાથે સંલગ્નતા ધરાવતી ખાનગી ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા સંચાલિત ખાનગી કોલેજોની ચાલુ જોડાણ અંગેના જાહેરનામાની દરખાસ્તો ફરજીયાતપણે ઓનલાઇન ઉદયમ કોજન્ટ પોર્ટલના એફીલીએશન મોડ્યુલ દ્વારા ઓનલાઇન મોકલવાની થાય છે. જે માટે સંદર્ભ-૨ ના પરિપત્રથી ઉદયમ કોજંટના યુઝર મેન્યુઅલનો અભ્યાસ કરી જોડાણના જાહેરનામાની ઓનલાઈન દરખાસ્તો કરવા સંસ્થાઓને જણાવેલ.

<u>સંદર્ભે આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજોને રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી મળી ગયેલ હોય તથા અગાઉના કોઇપણ શૈક્ષણિક વર્ષનું રાજ્ય સરકારશ્રીનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પડી ગયેલ હોય તેવી કોલેજોએ જે વર્ષથી ચાલુ જોડાણનું જાહેરનામું બાકી હોય તે શૈક્ષણિક વર્ષથી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ સુધીની ચાલુ જોડાણની સંયુક્ત દરખાસ્ત ઉદયમ કોજન્ટ પોર્ટલ મારફતે દિન-૦૭ માં ઓનલાઇન મોકલી આપવા આથી જણાવવામાં આવેલ હતું પરંતુ હજી ઘણી ખરી કોલેજો/સંસ્થાઓએ ઉદયમ કોજન્ટ પોર્ટલ મારફતે રાજ્ય સરકારશ્રીના ચાલુ જોડાણ અંગેના જાહેરનામા મેળવવા અંગેની પ્રક્રિયા કરેલ નથી. માટે ચાલુ જોડાણના જાહેરનામાની દરખાસ્ત નિયમોનુસાર વધુ દિન-૦૩ માં ઓનલાઇન મોકલી આપવા આથી પુનઃ જણાવવામાં આવે છે. આ કાર્યવાહી સંબંધિત કોલેજ/સંસ્થાએ તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.</u>

વધુમાં જણાવવાનું કે, સંલગ્ન સંસ્થા/કોલેજોને રાજ્ય સરકારશ્રીના ચાલુ જોડાણ અંગેના જાહેરનામાની ઓનલાઇન દરખાસ્ત કરવામાં નહીં આવે તો શૈક્ષણિક વર્ષ : ૨૦૨૬-૨૭ કે તે પછીના આગામી શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થી પ્રવેશ/કોલેજ જોડાણ અંગેના કોઇપણ પ્રશ્ન ઉદભવશે તો તેની સઘળી તમામ જવાબદારી સંબંધિત સંસ્થા/કોલેજના આચાર્યશ્રી/મેનેજમેન્ટની રહેશે.

નોંધ : <u>(૧) રાજ્ય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી ન ધરાવતી સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજોને ઉક્ત પરિપત્ર લાગુ પડતો નથી.</u>

<u>(૨) સરકારી કોલેજોને ઉક્ત પરિપત્ર લાગુ પડતો નથી.</u>

માન.કુલપતિશ્રીની ફાઇલ પર મળેલ મંજૂરી અનુસાર,

કુલસચિવ

નં.- એકે/જોડાણ/ટે-૨/૭૦૪૩/૨૦૨૬

તારીખ :૦૮/૦૧/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમ ચલાવતી તમામ કોલેજોના આચાર્યશ્રી/સંસ્થાના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

<u>નકલ સાદર રવાના જાણ સારૂ :</u>

(૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૨) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ. ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ

(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૪) આસિ.રજીસ્ટ્રારશ્રી, એકેડેમિક શાખા, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૫) સિસ્ટમ એનાલિસ્ટશ્રી, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ (વેબસાઇટ પર મુકવા સારૂ)

(૬) સંબંધિત ફાઇલે.